(ફેબ્રુઆરી ૨૦૧૦ ) અંકમાંથી -

## પંચમ શુકલ

## ગઝલ-મૂળ ઊંડાં જશે તો...

મૂળ ઊંડાં જશે તો ઝાડ ઊંચે જશે,
ઊંચે ઊંચે જવામાં આભ ઊંચે જશે.
ટેરવાં પર અમસ્તી ચામડી નઈ રહે,
સ્પર્શ સંવેદનાય ક્યાંય ઊંચે જશે !
પુષ્પની મ્હેક કિંવા સર્પના દંશથી,
રક્તનો ચાપ એક માન ઊંચે જશે.
માત્ર હું નહિ મટું કે માત્ર તું નહિ મટે,
આપણાં યુગ્મનોય ન્યાસ ઊંચે જશે.
ખેર ! એ પળ તણીય રાહ પણ ઈષ્ટ છે,
રાહ સંદિગ્ધ છે તો ચાહ ઊંચે જશે !

૧૭-૯-૨૦૦૯